આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪ | ૫ એપ્રિલ, ૨૦૧૪, શનિવાર; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

માણસોને પારખતા રહીશું તો તેમને ચાહવાનો સમય જ બાકી નહીં રહે
- ઓશો

આજે અડવાણી ઉમેદવારી નોંધાવશે

ગાંધીનગર કલેકટર ઓફીસ ખાતે લાલકૃષ્ણ અડવાણી છઠ્ઠીવાર ઉમેદવારીપત્ર ભરશે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સંસદીય મત વિસ્તારનું સતત ૬ઠ્ઠીવાર પ્રતિનિધિત્વ કરવા માટે ભાજપના રાષ્ટ્રીય નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણી આજે તેમનું ઉમેદવારીપત્ર જિલ્લા કલેકટર કચેરી ખાતે ભરશે.



શ્રી લાલકૃષ્ણ અડવાણી ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં તેમનું ઉમેદવારી પત્ર રાજયના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવારશ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ભરશે.

તેઓ ગાંધીનગર કલેકટર કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરવા આવે તે પૂર્વ કોબા સર્કલ નજીક નભોઈ ખાતે કાર્યકરોના સંમેલનમાં હાજરી આપશે. શ્રી અડવાણી બપોરે ૧ વાગે જિલ્લા કલેકટર કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરવા આવી પહોંચશે.

શ્રી અડવાણી સાથે મુખ્યમંત્રી શ્રી મોદી ઉપરાંત મહેસુલમંત્રી આનંદીબેન પટેલ, શ્રી કૌશિક પટેલ, પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ પણ ઉપસ્થિત રહેનાર છે.

ભાજપના ગઢ સમાન ગણાતા ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં શ્રી અડવાણીના પ્રચાર અભિયાનની જવાબદારી તેમના દિકરી પ્રતિભા અડવાણી સંભાળનાર છે. તેઓએ ઘાટલોડિયામાં એક વાહન રેલી પણ કરી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

પહેલું સુખ તે જાતે નર્યા... આ ઉકિત વિષે ગાંધીનગરાઓ ભારે સભાન છે.. શિયાળો શરૂ થાય એટલે વસાણા અને વોકીંગ શરૂ કરી દેતા ગાંધીનગરાઓ ચૈત્ર મહિનો બેસે કે લીમડાનો મોર પીવાનું શરૂ કરી દે...અને હવે તો લીમડાના પાણીની પણ પરબ મંડાય છે...! સેકટર-પાંચમાં રહેતા જોષીકાકા તો 'લીમડાના પાણીવાળા જોષીકાકા' તરીકે ઓળખાવા લાગ્યા છે. ગાંધીનગરમાં શાકભાજી વેચતા ફેરિયાઓ શાક-બકાલુ મુકીને ચૈત્ર મહિનાના પહેલા પખવાડિયામાં લીમડાનો મોર વેચવા લાગી જાય છે. બીસીએસઆર મુજબ વર્તવા અને જીવવા ટેવાઈ ગયેલા શિસ્તબધ્ધ સરકારી કર્મચારીઓ-અધિકારીઓ પણ ચૈત્ર મહિનાના કેલેન્ડર મુજબ લીમડાનો મોર ખરીદીને પોતાના આરોગ્યની બરોબર કાળજી કરતાં થઈ ગયા છે... સાંજે સચિવાલય છૂટે ત્યારે જૂના સચિવાલયના બ્લોક નંબર-૫ની સામે જ લીમડાનો મોર વેચવાવાળાઓની લાંબી લાઈન લાગે છે... સચિવાલયના આ બ્લોક નંબર-૫માં રાજય સરકારનો આરોગ્ય વિભાગ કાર્યરત છે. આખા રાજયના આરોગ્ય અને સ્વાસ્થ્યની ચિંતા કરતા સચિવાલયના આ બ્લોકની સામે જ લીમડાનો મોર વેચવાવાળાઓની કતાર કેટલું બધું કહી જાય છે...!!! *(તસવીર : હિરેન ભટ્ટ)*

કોંગ્રેસ-'આપ'ના ઉમેદવારો સોમવારે ઉમેદવારી નોંધાવશે

સોમવારે કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલયને ખુલ્લુ મુકાશે

રવિવારે આમ-આદમી પાર્ટીની નગરમાં રેલીનું આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે કોંગ્રેસના ઉમેદવાર શ્રી કીરીટ પટેલ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર શ્રી ઋતુરાજ મહેતા ૭મીએ તેમની ઉમેદવારી જિલ્લા કલેકટર કચેરી ખાતે નોંધાવશે.

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ પાટનગરમાં રાજકીય ઉતેજનાઓ વધી રહી છે.

૧૯૯૯થી બહુકોણીય જંગમાં લડાતી આ બેઠક પર ૨૦૦૯માં ૧૯

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં આકરી ગરમીનું આગમન

ગાંધીનગર, તા. ૪

આગાહી અનુસાર જ ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં આકરી ગરમીનો પ્રારંભ થયો છે. મોસમમાં પહેલીવાર શુકવારે પારો ૪૦ ડિગ્રી સુધી પહોચ્યો હતો. આખરી ગરમીના કારણે આખી બપોર માર્ગો અને બજારો સુમસામ બની ગયા હતા. લઘુત્તમ તાપમાન ૨૯.૨ ડિ.સે. રહ્યુ હતુ.

એપ્રિલના પ્રારંભ સાથે જ આકરી ગરમી અને તડકો પડી રહ્યો છે. મહત્તમ તાપમાન ડિગ્રી પહોંચી જતા જનજીવન પર ગરમીની અસર જોવા મળી રહી છે. એસી પંખા ફુલસ્પીડે કરી રહ્યા છે. આગામી દિવસોમાં પારો ૪૧-૪૨ ડિગ્રી સુધી પહોંચી શકે છે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતમાં આ વર્ષે જેમ ચોમાસુ અને શિયાળો મોડો શરૂ થયો તેમ ઉનાળો પણ મોડો શરૂ થયો છે. પરંતુ આ વર્ષે તોબા પોકારાવી દે તેવી આકરી ગરમી પડવાની વકી છે એવી પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે કે ચાલુ સપ્તાહના અંત સાથે રાજયમાં કાળઝાળ ગરમી પડશે.

હવામાન નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે હાલ ગરમીનો પારો સામાન્ય છે. વહેલી સવારે અને મોડી રાત્રે થોડી શીતળતા વ્યાપી જાય છે અને વાતાવરણ આહલાદક લાગે છે. જો કે આગામી એક-બે દિવસથી સમગ્ર દિવસના તાપમાનમાં ફેરફાર નોંધાશે.

(તસવીર : દિપક જાની)

માટાપાયે સપ્તાહના અંત સુધીમાં ગરમી વધીને ૪૦ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા છે. હવામાન

આગામી દિવસોમાં વધુ ગરમી પડવાની સંભાવનાઓ : આકરા તાપમાં શહેરીજનો શેકાયા

વિભાગના જણાવ્યા અનુસાર શનિવારથી મંગળવાર સુધી સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજયમાં તાપમાનમાં ખુબ વધારો થશે. જ્યાં મહત્તમ તાપમાન હાલમાં ૩૭-૩૮ ડિગ્રી છે ત્યાં પારો ૪૦-૪૧ ડિગ્રી થવાની શક્યતાઓ છે.

આગામી દિવસોમાં આકરી ગરમી પડશે તેવા આસાર શુકવારથી જ જોવા મળ્યા હતા. બપોરે ઘરની બહાર નીકળતા જ હાથ-પગમાં બળતરા થવા માંડે તેવી ગરમી અને તડકો અનુભવાતો હતો. રાત્રે પણ બફારો અનુભવાતો હતો. છેત મોડી રાત્રે થોડીક રાહત થઈ હતી. ગરમીના કારણે જનજીવનમાં સુનકાર લાગતો હતો.

કાંકરેજના માંડલા ગામમાંથી પસાર થતી નર્મદાની કેનાલમાં ૨ વિદ્યાર્થી સહિત ૩નાં કરંટ લાગવાથી મોત

માંડલા નજીક પસાર થતી રાધનપુર નર્મદા બ્રાન્ચ કેનાલમાં ગેરકાયદેસર મૂકેલ ઇલેકટ્રીક મોટરના શોકથી ૩ સગીર યુવાનોના મોત

કાંકરેજ, તા. ૪

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાની માંડલા ગામની સીમમાં શુકવારના બપોરે માંડલા સીમમાંથી પસાર થઈ રાધનપુર બ્રાન્ચ કેનાલમાં સિંચાઈ માટે મૂકેલા મશીનનો ફૂટવાલ સાફ કરવા ઉતરેલા ૩ યુવાનોને બાજુમાં મૂકેલી ઈલેકટ્રીક મોટરના ખુલ્લા વાયરોથી કરંટ (શોક) લાગતાં તેમાં ૨ વિદ્યાર્થી સહિત૩ સગીર યુવાનોનાં કરૂણ મોત નિપજ્યાં હતાં.

કાંકરેજ તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ સાથે જોડાયેલાં રાધનપુર બ્રાન્ચ કેનાલમાં શુકવારના બપોરના સમયે માંડલા ગામની પશુ ઉછેર કેન્દ્રની સીમમાં આવેલી નર્મદાની કેનાલમાં ગોવિંદજી છગનજી ઠાકોર રહે. તાંતિયાણા, તા. કાંકરેજવાળાએ સિંચાઈ માટે મૂકેલા મશીન ફુટવાલમાં કચરો આવી જતાં તેને દૂર કરવા ગોવિંદજી ઠાકોરજીના નાનાભાઈના દીકરા ગણપતજી હમીરજી ઠાકોર કેનાલમાં ઉતર્યો હતો ત્યારે કેનાલ અંદર તેની બાજુમાં જ

● અનુસંધાન પાન-૭ પર

રાજકોટ ભાજપ કાર્યાલયને તાળા વાગતા પ્રદેશ નેતાગીરી ચોંકી ઉઠી

ગાંધીનગર, તા. ૪

રાજકોટ શહેરમાં ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયને તાળા મારી દેવામાં આવતા ભાજપની પ્રદેશ નેતાગીરી ચોંકી ઉઠવા પામી છે. આ ઘટનાને લઈને પ્રદેશ નેતાગીરીએ રાજકોટના આગેવાનો પાસેથી અહેવાલ મંગાવ્યો છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર ઉમેદવારીપત્ર ભરવા જવા માટે જાય તે માટેની રેલીના આયોજન માટે રાજકોટ શહેર ભાજપના આગેવાનો કાર્યકરોની એક બેઠક શહેર ભાજપ કાર્યાલય ખાતે મળી હતી.

રાજકોટ શહેર ભાજપ કાર્યાલય ખાતે બેઠક ચાલી રહી હતી તે દરમ્યાન કેટલાક નેતાઓને જવાબદારી સોંપવા અંગે સ્થાનિક નેતાઓને પ્રદેશ કક્ષાએથી આપવામાં આવેલ આદેશથી સ્થાનિક આગેવાનોમાં આક્રોશ ઉઠતા શહેરના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ નારાજ થઈને ભાજપ કાર્યાલયને તાળા મારી દેતા શહેર અને જિલ્લા ભાજપમાં હલચલ મચી જવા પામી છે.

રાજકોટ ભાજપ કાર્યાલયને તાળા મારવામાં આવતા ચૂંટણી સમયે જ બનેલી આ ઘટનાથી પ્રદેશ નેતાગીરી ચોંકી ઉઠી છે અને આ બાબતને ગંભીરતાથી લઈને સમગ્ર ઘટના અંગે સ્થાનિક આગેવાનો અને શહેર પ્રમુખ પાસેથી અહેવાલ મંગાવવામાં આવ્યો છે. સ્થાનિક કક્ષાએથી અહેવાલ આવ્યા બાદ પ્રદેશ કક્ષાએથી કોઈ પગલા ભરાય તેવું ચર્ચાઈ રહ્યું છે.

રાજકોટ ભાજપ કાર્યાલય ને તાળા મારવાની બનેલી આ ઘટનાને લઈને સૌરાષ્ટ્રમાં કેટલીક બેઠકો પર ચૂંટણીમાં આની ખરાબ અસર પડશે અને ભાજપને નુકશાન વેઠવાનો વારો આવે તેવી સ્થિતિ સર્જાઈ છે.

NEWS નિટસ

મોહન કુંડારિયા દેશના સૌથી ઉંચા ઉમેદવાર

દેશની મહત્વની બે પાર્ટી ભાજપ અને કોંગ્રેસે અત્યાર સુધી

લોકસભાની ચુંટણી માટે જે ઉમેદવારો જાહેર કર્યા છે તેમાં રાજકોટ જિલ્લાની લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મોહનભાઈ કુંડારિયા સૌથી ઉંચા ઉમેદવાર છે. કુંડારિયાની ઉંચાઈ ૬ ફુટ ૫ ઈંચ છે. ઘણા સ્થળોએ તેમણે માથું નમાવીને ચાલવું પડે છે. ઘરમાં પ્રવેશ કરતા પણ તેઓએ માથું નીચું રાખવું પડે છે.

૨૯-૩૦મીએ એસટીનું ૯૦ ટકા સંચાલન ઠપ્પ થઈ જશે

ચાલુ માસના અંતમાં લોકસભા બેઠકોની ચૂંટણી

યોજાશે. જેમાં હજારો સરકારી કર્મચારીઓને પોલીંગની ફરજો સોંપાઈ છે. આ કર્મચારીઓને તેમના બુથના સ્થળો સુધી અવર જવર માટે ચુંટણી તંત્ર દ્વારા બે દિવસ માટે બસો રોકી લેવામાં આવશે આથી ૨૯ અને ૩૦મી એપ્રિલેએસટીનું૯૦ટકા સંચાલન ઠપ્પ થઈ જશે. બે દિવસ માટે એસટીની ૫૧૭ બસો રોકવામાં આવી છે.

મહિલા ઉમેદવારોને વધારાની મહિલા સિકયોરિટી મળશે

લોકસભાની ચુંટણી ઝુંબેશ

દરમિયાન મહિલા ઉમેદવારો સાથે કોઈ અણબનાવ ન બને તે હેતુથી ચુંટણી પંચે વધારાની મહિલા સિકયોરિટી આપવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયનો હેતુ મહિલા ઉમેદવારોની સામાજીક સલામતી અને સુરક્ષાના હેતુસર લેવામાં આવ્યો છે. એક રેલી દરમિયાન એકટ્રેસ નગ્મા સાથે થયેલી છેડતી બાદ ચુંટણી પંચે આ નિર્ણય લીધો છે.

ઘર માટે ૯૦ ટકા સુધી લોન મળશે

નેશનલ હાઉસીંગ બેંક હવેથી પ્રોપર્ટી ધારકોને તેમની

પ્રોપર્ટીની કિંમતના ૯૦ટકાની લોન આપશે. આ યોજના ૨૦ લાખથી વધુની લોન માટે ઉપલબ્ધ બનાવાશે. હાલમાં પ્રોપર્ટી ધારકોને ૮૦ટકા સુધીની લોન આપવામાં આવે છે. લોનનો રેશિયો વધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧